# સિદ્ધ હસ્ત લેખક અને કવિઃ પયગંબર યશાયા

# (ફાધર વર્ગીસ પોલ)

બાઈબલના 'યશાયા' ગ્રંથમાંથી આપણને પયગંબર યશાયા વિશે થોડીઘણી માહિતી મળે છે. એના નામના "યશાયા" ગ્રથમાંથી બે વાતો આપણે આસાનીથી તારી શકીએ છીએ. એક યશાયા નિઃશંકપણે એક સિદ્ધહસ્ત લેખક અને કવિ હતોઃ અને બે, તે કોઈ ઉચ્ચ કુળમાં જન્મ્યો છે. એટલે જ રાજાના દરબાર અને રાજકીય વતૃળો સાથે તે સુપેરે પરિચિત હોય છે.

યશાયાને સમજવા માટે એના જમાનાના  ઈસાયલ અને યહૂદાના ઐતિહાસિક અને ભૌગોલિક સંયોગોને ધ્યાનમાં લેવાની જરૂર છે. ઈસાયલી કે યહૂદી પ્રજાનાં બંને રાજ્યો ગુજરાતના એકાદ જિલ્લા જેટલાં ખૂબ નાનાં છે. એની બંને બાજુ એટલે ઉત્તરમાં અસૂર અને દક્ષિણમાં મિસરના બે મહાન સામ્રાજ્યો હતાં. એટલે ઈસાયલ-યહૂદાની દશા તો શૂળી વચ્ચે સોપારી જેવી હતી. જો કે, ઈ.સ. પૂર્વે આઠમી સદીના આરંભમાં એ બંને મહાસત્તાઓ સુપુપ્ત અવસ્થામાં હતી. એટલે ઈસાયલ અને યહૂદા રાજકીય અને આર્થિક રીતે સધ્ધ રીતે અને સમૃદ્ધ બન્યાં હતાં. પરંતુ સુખસમૃદ્ધિમાં ઈસાયલી પ્રજાઓમાં અનેક પ્રકારનાં અનિષ્ટો અને અંધાધૂંધી પ્રવર્તતા હતાં. તેવા સમયે યહૂદાના જરુશાલેમમાં પયગંબર યશાયા પોતાની પયગંબરી વાણી ઈસાયલીઓને સંભળાવે છે.

યશાયા બિન આમોસનો જન્મ યરુશાલેમ ખાતે ઈ.સ. પૂર્વે 765ની આસપાસ કોઈ કુલીન કુટંબમાં થયો હતો. તે પરણેલો હતો અને તેને બે દીકરાઓ હતા. બાઈબલમાં ઈર્મિયા, હઝકિયલ અને દાનિયેલ સાથે ચાર "મુખ્ય" અને મહાન પયગંબરમાં યશાયાની ગણના થાય છે.

પચીસેક વર્ષની ઉંમરે યશાયાને એક દિવ્યદર્શન થયું. યશાયા કહે છે - "એક ફિરસ્તો સાણસી વડે વેદીમાંથી બળતો અંગારો લઈને ઊડતો મારી પાસે આવ્યો અને અંગારો મારા મોંને અડાડીને બોલ્યો." જો, આ તારા હોઠને અડ્યો છેઃ તારો દોષ દૂર થયો છે અને તારું પાપ બળી ગયું છે.

પછી મેં પ્રભુને એવું બોલતો સાંભળ્યો કે, "હું કોને મોકલું? કોણ મારો સંદેશો લઈ જશે?"

એટલે મેં કહ્યું, "આ હું હાજર છુંઃ મને મોકલો."

પ્રભુએ કહ્યું, "જા, અને એ લોકોને કહે કે, તમે ગમે એટલું સાંભળ સાંભળ કરો પણ નહિ સમજોઃ તમે ગમે એટલું જો જો કરે પણ તમને નહિ સૂઝે." તે દિવસથી 40 વર્ષ સુધી યશાયા પયગંબરવાણી દ્વારા ઈશ્વરનો સંદેશ ઈસાયલી પ્રજાને પહોંચાડવાના કામમાં મંડયો રહ્યો.

સમય યશાયા ગ્રંથના ત્રણ ખંડો પાડી શકાય. એમાં પ્રથમ 1-39 સુધીના ખંડ નિઃશંકપણે યશાયાના પોતાના દ્વારા ઈશ્વરનો સંદેશ ઈસાયલી પ્રજાને પહોંચાડવાના કામમાં મંડયો રહ્યો.

સમય યશાયા ગ્રંથના ત્રણ ખંડો પાડી શકાય. એમાં પ્રથમ 1-39 સુધીના ખંડ નિઃશંકપણે યશાયાના પોતાના પયગંબરવાણીના સંગ્રહો છે. અને એમાં ઈ.સ. પૂર્વે આઠમી સદીને લાગતા પ્રસંગોનો ઉલ્લેખ છે.

અધર્મને માર્ગે ચાલીને અનેક કુકર્મો કરતા ઈસાયલીઓને યશાયા ઈશ્વર પ્રભુનાં વચન સંભળાવે છેઃ “માણસોની દુષ્ટતા આગની જેમ ભભૂકી ઊઠી છે અને એ કાંટાઝાંખરાંને ભરથી જાય છેઃ જંગલની ઝાડીને પણ એ બાળી મૂકે છે અને ધુમાડાના ગોટેગોટા આકાશમાં ચડે છે. એ તે સર્વશક્તિમાન પ્રભુના રોષથી દેશ સળગી ઊઠયો છે અને લોકો એ આગમાં ઈંધણરૂપ બન્યા છે. આ બધું છતાં પ્રભુનો રોષ ઊતર્યો નથી અને તેનો હાથ હજી ઉગામેલો જ રહ્યો છે. તમારું આવી બન્યું સમજો ! તમે અન્યાયી કાયદા ઘડો છો અને જુલમી ચુકાદાઓ લખો છોઃ ને આ રીતે ગરીબોને ન્યાય મળતો અટકાવો છે અને દલિતોના હક છીનવી લો છો. તમે વિધવાઓને લૂંટો છો અને અનાથોને પોતાના શિકાર બનાવો છો.”

તે અરસામાં યહૂદાના રાજ્ય ઉપર મહાન સામ્રાજ્ય અસૂરનું લશ્કર ચડાઈ કરી શકે એવી આફત સામે ઝઝૂમી રહી હતી. એવા સંજોગોમાં યશાયા લોકોને અને યહૂદાના રાજાને સંભળાવે છે કે ખરી આપત્તિ અને જોખમ પરદેશી સેનાનું આક્રમણ નથી પણ રાજા અને પ્રજામાં ઈશ્વર પરના ભરોસાનો અભાવ તેમજ રાજા તથા પ્રજાઓનાં ઈશ્વરની આજ્ઞા વિરુદ્ધનાં કુકર્મો છો.

યશાયા ખૂબ ચોટદાર અને ચિત્રાત્મક ભાષામાં લોકોને અને તેમના આગેવાનોને સંભળાવે છે કે તેઓ બધા અધર્મ, અન્યાય અને જુલમના રસ્તે પાપ કર્યા કરવાનું નહીં છોડે  તેમને રસ્તે ભારે વિનાશ ઝઝૂમશે.

યશાયા વિનાશની આ ચેતવણી પછી લોકો આગળ એક આશા પણ ધરે છે. “સિયોન પર્વત ઉપર સર્વશક્તિમાન પ્રભુ બધા લોકો માટે મિષ્ટાનની અને ઉત્તમ પીણાંની મિજબાની તૈયાર કરશે. આ પર્વત ઉપર પ્રભુ બધી પ્રજાઓને વીંટી વળેલા શોકના આવરણે, બધા લોકોને ઘેરી વળેલા દુઃખના કફનને હઠાવી દેશેઃ તે કાયમ માટે મૃત્યુને મિટાવી દેશે. સર્વસત્તાધીશ પ્રભુ એકેએકનાં આસું લૂછી નાખશે અને આખી પૃથ્વીમાં પોતાના લોકોનું મહેણું ટાળશે. આ પ્રભુના વચન છે.”

યશાયાનો બીજો ખંડ 40-55 સુધીનાં પ્રકરમોમાં આગળનાં પ્રકરણોની સરખામણીનાં બસો-અઢીસો વર્ષ પછીના બનાવોને અનુલક્ષીને લખાયેલી વાતો છે. તે વખતે યહૂદાનો નાશ થયો હતો અને મોટા ભાગના લોકો બાબિલમાં દેશવટો ભોગવી રહ્યા હતા. તેઓ હિંમત હારી ગા હતા. તેમની આશા મરી પરવારી હતી. તેમનામાં આશા સંકોરવા માટે પયગંબર ઈશ્વરનાં અભયવચન સંભળાવે છે. “હવે, ઈસાયલ, તારો સર્જનકાર અને તારો ઘડવૈયો પ્રભુ તને કહે છે. ડરીશ નહિ, હું તારો ઉદ્ધાર કરીશ. મેં તને નામ દઈને બોલાવ્યો છે અને

તું મારો પોતાનો છે. ઈસાયલનો પરમપવિત્ર ઈશ્વર છું, તારો ઉદ્ધારક છું, તને છોડાવવા માટે હું મિસર આવું છું. તું મારે મને બહુ કીમતી છે. સન્માનપત્ર છે."

પયગંબર યશાયા બાબિલમાં દેશવટો ભોગવતા ઈસાયલીઓને સંભળાવે છે કે, પ્રભુ, તમારો ઉદ્ધારક, ઈસાયલનો પરમપવિત્ર ઈશ્વર, આ કહે છે. "તમારી ખાતર હું બાબિલ સામે લશ્કર મોકલીશ. ત્યાંના ભાગી જતા લોકોને હું ભોંય પર ઢાળી દઈશ અને તેમના વિજ્યનાદ વિલાપમાં પલટાઈ જશે."

આ સમગ્ર ખંડમાં યશાયા ગ્રંથ જણાવે છે કે ઈતિહાસ પ્રભુના હાથમાં છે. ઈશ્વર બધા બનાવો દ્વારા પોતાનું કામ આગવી રીતે પાર પાડે છે. તેઓ ઈસાયલીઓની જેમ બીજી પ્રજાઓ દ્વારા પણ પોતાની યોજના સિદ્ધ કરે છે.

યશાયાના ત્રીજા ખંડના 56 થી 66 સુધીમાં પ્રકરણોમાં યશાયાએ દેશવટો ભોગવીને પાછી ફરેલી પ્રજાને અનુલક્ષીને પાઠવેલા સંદેશ છે. "તે વખતે પોકાર પડશે, સંડક બાંધો, રસ્તો તૈયાર કરો, મારા લોકોના માર્ગમાંથી બધી અડચણો દૂર કરો."

"શાશ્વતીમાં વસનાર પરાત્પર, જેનું નામ પરમપવિત્ર છે તે કહે છે, "હું ઉન્નત અને પવિત્ર સ્થાપનમાં વસું છું, પણ જેઓ ભાંગી પડયા છે અને નમ છે તેમની સાથે પણ હું રહું છું. નમ લોકોમાં હું નવા પ્રાણ પુરું છું અને ભાંગી પડેલાઓને ફરી બેઠા કરું છું. હું આખો વખત ઠપકો આપ્યા નહિ કરું, તેમ આખો વખત ગુસ્સો પણ નહિ કરું, કારણ, બધામાં પ્રાણ પૂરનાર, પ્રાણનું મૂળ ઉદ્દભવસ્થાન જ હું છું." આ ભાગમાં બંને મંગલ અને અમંગલ ભાવિની અગમવાણી છે. આખરી ન્યાય અને અન્યાય વચ્ચે, હા, પાપી અને પુણ્યશાળી વચ્ચે ઈશ્વર ન્યાય કરશે. છેલ્લ, ઈશ્વર એક નવી પૃથ્વી, નવું આકાશ સર્જશે એવી આગાહી છે.

યશાયાના સમગ્ર ગ્રંથ વિશે એક વાત સ્પષ્ટ સમજવાની જરૂર છે કે ગ્રંથના કર્તાઓએ એટલે કે પયગંબર યશાયા પોતે, એના શિષ્યો તેમજ એન્ય સંગ્રહારોએ સમગ્ર ગ્રંથની રચનામાં કોઈ ઐતિહાસિક ઘટનાઓને અનુસરવા કે સમયકાળના ક્રમમાં પયગંબરવાણીને ગોઠવવાનો કોઈ પ્રયાસ કર્યો નથી. સંગ્રહકારોએ યશાયાએ વિવિધ સમયસજોગોમાં આપેલા સંદેશ સાથે મૂકયા છે તો એક જ પ્રસંગના આગમવાણીનો સંદેશ છુટક છુટક રજૂ કરવામાં આવ્યો છે. છતાં યશા ગ્રંથની સાહિત્યિક કલા અને કાવ્યાત્મકતા બધાને સ્પર્શે એવી છે. નીચેની બે અગમવાણીમાં ઈશ્વર પ્રભુના સંદેશ સાથે ઉચ્ચ કોટિની સાહિત્યકલા જોઈ શકાય છે.

પ્રભુ કહે છે, "જુઓ, હું નવું આકાશ અને નવી પૃથ્વી સર્જું છું. પહેલાંની સૃષ્ટિને કોઈ સંભારશે નહિ, તેની કોઈને યાદે નહિ આવે. પણ હું જે નવું સર્જું છું તેથી તમે ખુશ થઈને સદા આનંદોત્સવ કરો. કારણ હું, નવુ યરુશાલે સર્જું છું, જે આનંદમય હશે અને જેના લોકો ખુશખુશાલ હશે."

પ્રભુ કહે છે, “હું એના (યરુશાલેમ) ઉપર સરિતાની જેમ સુખશાંતિ વહાવીશ અને ઊભરાતા વહેળાવી પેઠે પ્રજાઓની સમૃદ્ધિ રેલાવીશ. હું તમને છાતીસરસા ઉપાડી લઈશ અને ખોળમાં રમાડીશ. મા જેમ બાળકને શાંત પાડે, તેમ હું તેમને યરુશાલેમમાં શાંતિ આપીશ.”

(છેલ્લે બદલ્યાની તારીખઃ 16-07-2007)

(ફરી બદલવાની તારીખઃ 01-08-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007